# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૧)
## (પાઠ ૧ થી ૧૩)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધા પ્રશ્ન અનિવાર્ય છે. અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) ઉત્તર પુસ્તિકાનાં પ્રથમ પૃષ્ઠ પર વિદ્યાર્થી પોતાનું નામ, રોલ નંબર, અધ્યયન કેંદ્રનું નામ, વિષય આદિ સ્પષ્ટ શબ્દોમાં લખો.

પ્ર. ૧ નીચે આપેલા સવાલોનાં જવાબ લખો. (ગમે તે બે.) 5

ક. 'જસોદા તારા કાનુડાને જગાડ'' કાવ્યમાં ગોપીઓ જસોદા માતાને શું ફરિયાદ કરે છે. અને માતા તેનો શો જવાબ આપે છે.

ખ. 'તડકા' કાવ્યમાં કવિએ 'તડકા' માટે ક્યા - ક્યા વિશેષણો વાપર્યા છે? તેનાદ્વારા કવિતાનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

ગ. 'કોઈ માધવ લ્યો' કાવ્યના આધારે કૃષ્ણમય બનેલી ગોપીઓના મનની સ્થિતિનું વર્ણન કરો.

પ્ર. ૨. નીચે આપેલા સવાલોમાંથી **ગમે તે બે** સવાલાનાં જવાબ લખો. 5

ક. 'એક પ્રશ્ન' વાર્તાના નાયકને મૂંઝવતા પ્રશ્નના ઉકેલ માટે શા-શા પ્રયત્નો કરવામાં આવ્યા હતાં?

ખ. 'મારી વ્યાયામ સાધના' પાઠનાં આધારે પાઠના આધારે નાયકના કસરત વિશેના વિચારો સમજાવો.

ગ. 'ઉત્તરાયણ'ના તહેવાર નો મુખ્ય સંદેશ તમારા શબ્દોમાં લખો.

પ્ર. ૩ કોઈ પણ **એક નો** વિચાર-વિસ્તાર કરો : 5

ક. ''સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.''

ખ. ''પહેલું સુખ તે જાતે નર્યા.''

પ્ર. ૪ 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાના મનમાં ઉપસતા વિવિધ સ્મૃતિ-ચિત્રોનું વર્ણન તમારા શબ્દોમાં લખો. 5

અથવા

'ગુર્જર, ભારતવાસી' કાવ્યમાં ગુજરાતી પ્રજા માટે વપરાયેલા વિશેષણો નોંધો અને ગુજરાતમાં આવેલા વિવિધ તીર્થસ્થળો ની યાદી પણ આપો.

પ્ર. ૫ પરિયોજન કાર્ય : 5

ભારતની સંસ્કૃતિને જાળવી રાખવા માટે આપણી શું ભાગીદારી હોય શકે છે, અને આ દિશામાં સરકાર ગરા ક્યા પ્રયત્નો ચાલૂ છે, તેની વિગતવાર સચિત્ર જાણ આપો.

# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૨)
## (પાઠ ૧૨ થી ૨૨)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધા પ્રશ્ન અનિવાર્ય છે. અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) ઉત્તર પુસ્તિકાનાં પ્રથમ પૃષ્ઠ પર વિદ્યાર્થી પોતાનું નામ, રોલ નં., અધ્યયન કેંદ્રનું નામ, વિષય આદિ સ્વચ્છ શબ્દોમાં લખો.

પ્ર. ૧. નીચે આપેલા સવાલોનાં જવાબ લખો. (ગમે તે બે) 5

ક. 'લાડુનું જમણ' પાઠમાં જમવા બેઠેલા દેવશંકરને શંકરલાલે શી ટકોર કરી, તેની દેવશંકર પર શી અસર થઈ?

ખ. યાત્રાધામ 'પ્રયાગરાજ' નું શું મહત્ત્વ છે? તે ક્યાં આવેલું છે? લેખક ત્યાં શા માટે ગયા હતાં?

ગ. લેખકનાં બગીચામાં આવેલા વિવિધ વૃક્ષો અને પંખીઓની નામાવલી તૈયાર કરો.

પ્ર. ૨ **ગમે તે બે** સવાલોનાં જવાબ લખો. 5

ક. 'છપ્પા'માં અખાએ કેટલા અને ક્યા-ક્યા દૃષ્ટાંતો આપ્યાં છે?

ખ. 'મુક્તક' કઈ શૈલીનું કાવ્ય છે? તેનાં મહત્ત્વનાં તત્વોનો ઉલ્લેખપણ કરો.

ગ. ચંબેલી પતંગિયા માટે શું માંગે છે? અને શા માટે?

પ્ર. ૩. 'મારી મા' પાઠની નાયિકાની માતાનું પાત્રાલેખન કરો. 5

અથવા

'સોયનું નાકું' શીર્ષકની સાર્થકતા સ્પષ્ટ કરો.

પ્ર. ૪. વિનુમાંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વ ના વિવિધ પાસાઓના ગુણોનો પરિચય કરાવો. 5

અથવા

મુદ્દાસર થી વાર્તા લખો -

રાજાનો સેવક મિત્ર વાનર . . . . . . . . . . ઊંઘી ગયેલા રાજાનો પંખો નાખવો . . . . . . . . . . માખીનું રાજાની છાતી પર બેસવું . . . . . . . . . . માખીને ઉઠાવવાનો પ્રયત્ન . . . . . . . . . . નિષ્ફળ . . . . . . . . . . વાનરનો તલવારથી પ્રહાર . . . . . . . . . . રાજા ના કટકા . . . . . . . . . . મૂર્ખ સેવક . . . . . . . . . . બોધ.

પ્ર. ૫ પરિયોજન કાર્ય : 5

તમારી પાઠ્ય પુસ્તકનાં પાઠ ૨૮, ૨૯ અને ૩૦માં આવેલા રૂઢિપ્રયોગોના અર્થ લખી તેમનાં વાક્ય બનાવો.

# ગુજરાતી (GUJARATI)
# (207)
## (મૂલ્યાંકન પત્ર - ૩)
## (પાઠ ૨૩ થી ૩૨)

કુલ અંક : ૨૫

**નોંધ :** (i) બધા પ્રશ્ન અનિવાર્ય છે. અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

(ii) ઉત્તર પુસ્તિકાનાં પ્રથમ પૃષ્ઠ પર વિદ્યાર્થી પોતાનું નામ, રોલ નંબર, અધ્યયન કેંદ્રનું નામ, વિષય આદિ સ્પષ્ટ શબ્દોમાં લખો.

પ્ર. ૧ નીચે આપેલા સવાલોનાં જવાબ લખો. (ગમે તે બે) 5

ક. ''હરિ-કૃપાથી મમ લેખ ચિત્રથી, જીવનો છઉં હું દમ થી.'' પંક્તિના આધારે કાવ્યમાં (અવસાન-સંદેશ) રહેલા ભાવ ને સમજાવો.

ખ. 'તને જોઈ જોઈ તોય હું અજાણી' કાવ્યમાં કવિ પ્રકૃતિ-પ્રિયતમા ને વારંવાર જુએ છે. છતાંય એ અજાણી રહે છે, આ વાત કવિએ કેવી રીતે સમજાવી છે.

ગ. 'એ લોકો' કાવ્યનાં કવિને શું થવું છે? એની પાછળ કવિનો શો હેતુ છે?

પ્ર. ૨ **ગમે તે બે** સવાલોનાં જવાબ લખો : 5

ક. ''ઈંટા ના સાત રંગ'' શીર્ષકની યર્થાથતા સ્પષ્ટ કરો.

ખ. 'સૂર્યનું સેવન' પાઠમાં પવન ને કેવો કહ્યો છે? શા માટે?

ગ. 'કસોટી' પાઠમાં છોકરાઓએ કોને ધમકી આપી? તેનું શું પરિણામ આવ્યું?

પ્ર. ૩ 'કસોટી' પાઠમાં ઉપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ સ્પષ્ટ કરો.

અથવા

'સૂર્યનું સેવન' નિબંધમાં લેખકે પ્રકૃતિનાં ક્યા-ક્યા તત્ત્વોની વાત વર્ણવી છે? 5

પ્ર. ૪ નશો કરી વાહન ચલાવું મૃત્યુને આમંત્રણ આપવા જેવું છે. આ વિશે યોગ્ય દૃષ્ટાંત આપી તમારા વિચાર રજૂ કરો.

અથવા

વર્તુળ આલેખ લખો :

એક કોલોનીમાં ૫૦૦ વ્યક્તિઓ રહે છે. તેમાંતી ૨૦૦ વ્યક્તિઓ નોકરી કરે છે. ૧૦૦ વ્યક્તિઓ પોતાનો વ્યવસાય કરે છે. ૫૦ નાના દુકાનદારો છે. અને બાકી રહેલા રોજી પર જતાં મજૂરો છે. આ વર્ગીકરણો ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો.

૫ પરિયોજન કાર્ય :

કિશોરાવસ્થા દરમ્યાન થતાં શારીરિક બદલાવમા પૌષ્ટિક આહારની ખાસ ભૂમિકા છે. તે વિશે કિશોરોને જાગરૂક કરી પ્રોત્સાહન આપવા માટે ''સંતુલિત'' અને ''પૌષ્ટિક આહાર'' ની તાલિકા તૈયાર કરો.